**EDII**

Nyaya Darshan

July 29, 2022
- Ahmedabad

# દિવ્યાંગજન સશક્તિકરણ કેન્દ્ર દ્વારા 'ઉદ્યોગ સાહસિકતા જાગૃતિ' કાર્યક્રમ

**ન્યાયદર્શન.અમદાવાદ,**

દિવ્યાંગજન સશક્તિકરણ કેન્દ્ર અંતર્ગત ઉદ્યોગ સાહસિકતા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતીય ઉદ્યોગ મિતા વિકાસ એ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,સમાજ સુરક્ષા ગુજરાત રાજ્ય દિવ્યાંગ નાણાં અને વિકાસ નિગમના સહયોગથી ઈન્સ્ટિટ્યૂટમાં દિવ્યાંગજન સશક્તિકરણ કેન્દ્ર(સેડા) ની સ્થાપના કરી છે. દિવ્યાંગો વચ્ચે ઉદ્યોગ સાહસિકતા ,રોજગારી અને આજીવિકાની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે આ સેન્ટરની સ્થાપના કરાઈ છે.

આ પ્રોજેક્ટનો ઉદેશ્ય ક્ષમતા નિર્માણ અને તાલીમ દ્વારા દિવ્યાંગોની ઉદ્યોગ સાહસિકતા ની પ્રતિભાઓને બહાર લાવવાનો છે. જેથી એન્ટરપ્રાઈજ નિર્માણ, 




રોજગારી અને આજીવિકાનો ટકાઉ વિકલ્પો સુનિશ્ચિત કરી શકાય આ અંતર્ગત શ્રી નવજીવન વિકલાંગ સેવાશ્રય હળવદ કેમ્પસમાં આજરોજ એક દિવસીય ઉદ્યોગ સાહસિકતા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં હળવદ અને આજુબાજુના વિસ્તારના ૪૦ દિવ્યાંગો એ ભાગ લીધો હતો. આ તાલીમમાં ખાસ ઉપસ્થિત રહેનાર ડો.માલમપરા સાહેબ, રોટરી ક્લબ ઓફ હળવદ ના રાજેન્દ્રસિંહ રાણા, ઉદ્યોગ સાહસિકતા ના ક્ષેત્રે ઘણા વર્ષોથી તાલીમ આપતા પ્રફુલ પટેલ તથા રમેશભાઈ મોરી એ તાલીમાર્થીઓને ઔધોગિક ક્ષેત્રે નું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમજ દિવ્યાગો માં ઉદ્યોગ સાહસિકતા વિક્સાવવા માટેઆ કાર્યક્રમનુંઆયોજન કરવામાં આવ્યું હતું. આગામી સમયમાં કચ્છ અને મોરબી જીલ્લાના વિવિધ તાલુકાઓમાં શ્રી નવજીવન વિકલાંગ સેવાશ્રય સંસ્થા દ્વારા સાત પ્રકારના ટ્રેનિંગ પ્રોગ્રામ યોજાશે.